૮

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લી.ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટની મંજૂરી બાબત.સને ૨૦૧૭-૧૮

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૦૨૦૦૩-૬૧૫-અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ -૧૨-૨૦૧૭
29 DEC 2017

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૦-૦૪-૧૭ નો ઠરાવ ક્રમાંકઃ બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૨) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૪-૦૯-૨૦૧૭ નો પત્રક્રમાંકઃ વિજાક/બો.નિ./વ.ગ્રા./૨૦૧૭-૧૮/૭૪૧-૪૨.

(3) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનો તા.૨૭-૧૨-૧૭નો પત્રક્રમાંકઃગુઅસનાવિનિલિ/આઠ માસિક/૨૦૧૭-૧૮/૧૭૨૭૮

**ઠ રા વઃ-**

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરની કચેરીના વહીવટી ખર્ચ માટે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં કુલ ₹. ૨૨૫.૦૦ (અંકે રૂપિયા બે કરોડ પચ્ચીસ લાખ પુરા) લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે માટે વંચાણ હેઠળના ક્રમાંકઃ- (૨) અને ક્રમાંક(3) હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતાના પત્રથી અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના પત્રથી રૂ.૨૨૫.૦૦ (અંકે રૂપિયા બે કરોડ પચ્ચીસ લાખ પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ,ગાંધીનગરના હવાલે મૂકવાની મંજુરી આપવા માટે કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના કુલ રૂ. ૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને વર્ષ ૨૦૧૭-૧૮ના ખર્ચપત્રક રજૂ કરવાની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૩. ઉપર્યુકત મંજુર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે તે હેતુ માટે છુટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ

મંજૂરી સિવાય વાપરી શકાશે નહિં. આ છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે. અને નિગમને ૩ ટકા લેખે જે સર્વિસ ચાર્જ મળે છે, તે રકમમાંથી મહેકમ ખર્ચ કરવાનો રહેતો હોઇ, વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

૪. સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૫. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુ. આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ –ગૌણ સદર:૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ પેટા સદર:૦૧ એમએનટી-૯ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને ૨૦૧૭-૧૮ ના નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૮. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રી(સા.ન્યા.) ની તા.૨૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.
કોમ્પ્યૂટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર